વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત એકલવ્ય સ્કુલ પેટર્ન મુખ્ય ઉંચી ગુણવત્તાવાળી નિવાસી શાળા પીપીપી મોડેલ હેઠળ ચલાવવા અંગે...

**ગુજરાત સરકાર**

આદિજાતિ વિકાસ વિભાગ

ઠરાવ ક્રમાંક : નશઅ/૨૦૦૮/૧૬૯૬/ઘ

સચિવાલય, ગાંધીનગર

તારીખ : ૨૮/૧૦/૨૦૦૯

વંચાણે લીધા :-

૧. આદિજાતિ વિકાસ વિભાગનો તાઃ ૨૧/૬/૦૯નો પત્ર ક્રઃનશઅ/૧૦૦૮/૭૬૩/ઘ
૨. કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગરનો તાઃ૧/૧/૦૯ નો પત્ર ક્રઃ આવિ/ એમોરેસ્કુલ /૨૦૦૮/૩

**ઠરાવ :**

રાજયના આદિજાતિ તાલુકામાં માન. મુખ્ય મંત્રીશ્રીના ૧૦, મુદ્દાના કાર્યક્રમ હેઠળ વનબંધુ કાર્યક્રમ યોજના હેઠળ અનુસૂચિત જનજાતિના વિધાર્થીઓના ખાનગી ક્ષેત્રના સહયોગથી વધુ સારી શૈક્ષણિક સગવડ આપવાની બાબતે સુખી પરિવાર ફાઉન્ડેશન ટીએસ ડબલ્યુ, સેન્ટર એ.૪૧/ એ, રોડ નં.૧ મહિપાલપુર ચોક, નવી દિલ્હીને કવાંટ વડોદરા ખાતે એકલવ્ય મોડેલ રેસી. સ્કુલના પેટર્ન પ્રમાણેની ઉંચી ગુણવત્તાવાળી નિવાસી શાળા શરૂ કરવા વંચાણે લીધે કમાંક(૧)ના જણાવેલ ઠરાવથી મંજૂરી આપેલ છે.

વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત એકલવ્ય સ્કુલ પેટર્ન મુજબ ઉંચી ગુણવત્તાવાળી નિવાસી પી.પી.પી મોડેલ હેઠળ ચલાવવા વંચાણે લીધેલ ક્રમાંક(૨)ના પત્ર થી કમિશનરશ્રી (આ.વિ) એ દરખાસ્ત કરેલ છે. દરખાસ્ત અંગે પુખ્ત વિચારણાને અંતે સને ૨૦૦૯-૧૦ ના અંદાજપત્ર પ્રકાશન નંબર ૨૪ ભાગ ૩ ટીએસપી હેઠળ/ વનબધુ કલ્યાણ યોજના અંતર્ગત કવાંટ તાલુકામાં એકલવ્ય સ્કુલ પેટર્ન મુજબ ઉંચી ગુણવત્તાવાળી નિવાસી શાળા પી.પી.પી મોડેલ હેઠળ સુખી પરિવાર ફાઉન્ડેશન દ્વારા ખાનગી સહયોગથી ચલાવવા માટે રૂ. ૫૫૦/- લાખની નવી સેવાની બાબતને નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

૧) સને ૨૦૦૯-૧૦ ની સુધારેલ અંદાજપત્ર જોગવાઇ ને આધિન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત સુચવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

૨) બાંધકામ ની યોજના માટે વિભાગે તાઃ ૭/૮/૦૯ સુધીમાં માર્ગ અને મકાન વિભાગના જે તે જિલ્લાના પ્રવર્તમાન એસ.ઓ.આર મુજબ નકશા અંદાજો રજૂ કરીને સક્ષમ અધિકારીની વહીવટી / ટાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે.

૩) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪) પ્રસ્તુત કામ માટે પ્રર્વમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાંકીય વર્ષમાં મર્યાદીત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૫) રજૂ કરેલા અંદાજોની સક્ષમ કક્ષાએ ખરાઇ કરાવી લેવાની રહેશે.

૬) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉધોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક: એસ.પી.ઓ. ૧૦/૨૦૦૫/૧૪૦૭/ છ , તા: ૨૨/૧૧/૦૬ અન્વયે ઇ.ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઇ / સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

૭) આ મંજૂરી અન્વયે જે કોઇ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીના પ્રવર્તમાન ધારા ધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

૮) આ અંગેનું ખર્ચ તા:૧/૮/૨૦૦૯ થી કરવાનું રહેશે

૯) એકલવ્ય મોડેલ સ્કુલનો પ્રોજેકટ પી.પી.પી મોડેલ હેઠળ મંજૂર થયેલ હોઇ માર્ગ અને મકાન વિભાગના એસ.ઓ.આર.ના દરે ખાનગી કંપની દ્વારા બાંધકામ કરવાનું રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક:૯૬ મુખ્ય સદર .૨૨૨૫ અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિઅને અન્ય પછાત વર્ગ નું કલ્યાણ પેટા મુખ્ય સદર-૦૨ અનુસુચિત આદિજાતિઓનું કલ્યાણ ગૌણ સદર :૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના પેટા સદર -૬- બીસીકે-૨૩૨/ આદિજાતિ પ્રવૃતિઓ વેગ આપવો(બાબત નં.૨૮ કવાંટ, જિ. વડોદરા ખાતે જાહેર / ખાનગી ભાગીદારી યોજના હેઠળ ઉચ્ચ ગુણવત્તાવાળી નિવાસી શાળા શરૂ કરવી) હેઠળ ચાલુ વર્ષે થયેલ જોગવાઇ માંથી કરવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણાં વિભાગની તા: ૫/૧૦/૦૯ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જ્યોતિ કે.પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,

નામદાર મહામહિલશ્રીના કઅંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (પત્રથી)
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સેકટર-૧૦ એ. ગાંધીનગર
મુખ્ય કારોબારી અધિકારીશ્રી, ડેવલપમેન્ટ સપોર્ટ એજન્સી ઓફ ગુજરાત ગાંધીનગર
ચેરમેનશ્રી સુગ્ની પરિવાર ફાઉન્ડેશન, ટીએસડબલ્યુ સેન્ટર ,ઓ. ૪૧રોડ નં.૧ મહિપાલપુર ચોક નવી દિલ્હી.

નકલ રવાના:-

માન. મુખ્ય મંત્રીશ્રીના અંગત સચિવશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
માન.રા.ક. મંત્રીશ્રી આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર
માન. સંસદીય સચિવશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/ રાજકોટ
પગાર અને હિસાબી અધિકારીશ્રી ગાંધીનગર
મુકામી તપાસણી અધિકારીશ્રી ગાંધીનગર
જિલ્લા તિજોરી અધિકારીશ્રી ગાંધીનગર
નાણાં સલાહકારશ્રી, આ.વિ.વિ, સચિવાલય, ગાંધીનગર
બજેટ શાખા આ.વિ.વિ, સચિવાલય, ગાંધીનગર
પી.શાખા, આ.વિ.વિ, સચિવાલય, ગાંધીનગર
ના.સ.અ. સિલેકટ ફાઇલ
શાખા સિલેક્ટ ફાઇલ.
RAVAL- NSA-2008-1696-GH-1009-9